(30)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૧૦)**

૧. સલ્લેહિં **માયા સલ્લેણં નિયાણ સલ્લેહિં મિચ્છા દંસણે સલ્લેહિં પડિક્કમામિ** તિહિં ગારવેહિં

૨. મિત્તી **મે સવ્વભૂએસુ વેર મજ્જં ન** કેણઈ

૩. ફાસાફુસંતુ **એયં પિ ય ણં ચરમેહિં ઉસ્સાસ નિસ્સાસેહિં વોસિરામિ** ત્તિ કટ્ટુ

૪. પૂર્વાદિક **છ દિશિ જેટલી ભૂમિકા મોકળી** રાખી છે

૫. પરિયટ્ટણાએ **આઉંટ્ટણ પસારણાએ છપ્પઈ સંઘટ્ટણાએ કુઈએ કક્કરાઈએ** છીએ

**(આ) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૫)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. ધમ્મો મંગલ | **ધર્મ મંગલ છે** | ૨. નગર નિદ્ધેમણેસુ | **નગરની ગટરોમાં ઉપજે તે** |
| ૩. મણામં | **મનને અતિ વહાલું** | ૪. માયામોસો | **કપટ સહિત જૂઠું બોલવું** |
| ૫. પૂએસુ વા | **પરૂ, રસીમાં ઉપજે તે અને** | ૬. સાવજ્જ | **સાવદ્ય પાપકારી** |
| ૭. પ્રાણાતિપાત | **જીવની હિંસાથી** | ૮. અજ્ઞાન મિથ્યાત્વ | **અજ્ઞાનને શ્રેષ્ઠ માનવું તે** |
| ૯. ફાસુય | **જીવ રહિત, અચેત** | ૧૦. વિસાસિયં | **વિશ્વાસના ઠેકાણાવાળું** |

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.** **(૫)**

| | મૂળ પાઠ | | મૂળ પાઠ |
|---|---|---|---|
| ૧. પાથરીને | **સંથરીને** | ૨. અસત્ય | **મૃષાવાદ** |
| ૩. અંગીકાર કરું છું | **પવજ્જામિ** | ૪. યથાશક્તિ પ્રમાણે | **જાવણિજ્જાએ** |
| ૫. પૃથ્વીના પેટ ફોડવાના ધંધા કર્યા હોય | **ફોડી કમ્મે** | | |

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૮)**

૧. સંથારો કયા આસને બેસીને કોને નમસ્કાર કરવાના છે? (૨)

**જ. પૂર્વ તથા ઉત્તર દિશામાં મુખ રાખીને, પર્યંકાસને (પલાંઠી) અથવા અનુકૂળ આસને બેસીને, બે હાથ જોડીને ડાબો ઢીંચણ ઊભો રાખીને, ત્રણ નમોત્થુણં સિદ્ધ ભગવંતને, અરિહંત દેવને તથા ધર્મગુરુને કરવાના છે.**

૨. સંથારાની આરાધના કયા તિર્યંચે કરી હતી? માત્ર નામ લખો. (૧×૬)

**જ. નંદ મણિયાર અને ચંડકૌશિક સર્પે.**

૩. સંમૂર્ચ્છિમ જીવોમાં કયા જીવ આવે?

**જ. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્ય.**

૪. સિદ્ધનું શરણું લેવા શું કરવું જોઈએ?

**જ . આત્માર્થી બની મોક્ષમાર્ગની આરાધના કરી સિદ્ધ બનવાનું લક્ષ રાખવું.**

૫. લોભ એટલે શું?

**જ. અપ્રાપ્ત વસ્તુની ઈચ્છા, પ્રાપ્ત વસ્તુ છોડવાના ભાવ ન કરવા તે લોભ છે.**

૬. જીવને અજીવ શ્રદ્ધે તે મિથ્યાત્વ કઈ રીતે લાગે?

**જ. જીવને ન માનવા તે. જેમ કે પૃથ્વી, પાણી, વનસ્પતિ, ઈંડા કે સંમૂર્ચ્છિમમાં જીવ ન માનવા.**

૭. દેવ, ગુરુ, ધર્મનો સમાવેશ કયા પાઠમાં આવે છે? તે પાઠનો નંબર કયો છે?

**જ. માંગલિકમાં, પાઠ ૨૨ માં.**

**(ઉ) નીચેનામાં સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય કે નહિ?** **(૨)**

૧. સાધ્વીજીના મૃતદેહમાં – **હા** ૨. બિલાડીની વિષ્ટામાં – **ના**

૩. ઘા વાગે તેમાંથી પરુ નીકળે – **હા** ૪. મહાવિદેહના મનુષ્યના થૂંકમાં – **ના**

**પ્ર.૨ (અ) છ આરાના આધારે લખો. (૨૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૫)**

૧. અવસર્પિણી અને ઉત્સર્પિણીનો બીજો આરો કેટલા સમયનો? કેટલા સમયે આહારની ઈચ્છા થાય? તેમની ગતિ, પાંસળી, સંઘયણ લખો. (૫)

**જ. અવસર્પિણીનો બીજો આરો ૩ ક્રોડાક્રોડી સાગરોપમનો, છટ્ઠ ભક્તે આહારની ઈચ્છા ઉપજે, ગતિ ૧ દેવની, પાંસળી બેસતા આરે ૧૨૮ ઉતરતા આરે ૬૪, સંઘયણ વજ્રઋષભનારાચ સંઘયણ.**

**ઉત્સર્પિણીનો બીજો આરો ૨૧૦૦૦ વર્ષનો, દિન દિન પ્રત્યે આહારની ઈચ્છા ઉપજે, ગતિ ચાર, પાંસળી બેસતા આરે ૮ ઉતરતા આરે ૧૬, સંઘયણ બેસતા આરે છેવટું સંઘયણ, ઉતરતા આરે ૬.**

૨. ઉત્સર્પિણી કાળમાં અને એક કાળચક્રમાં ધર્મકાળ કેટલો? (૨×૫)

**જ. ઉત્સર્પિણી કાળમાં ધર્મકાળ ૧ ક્રોડાક્રોડ સાગરમાં ૪૨૦૦૦ વર્ષ ઉણા + ૮૪ લાખ પૂર્વ ૩ વર્ષ ૮ ॥ મહિના. એક કાળચક્રમાં ધર્મકાળ ૨ ક્રોડાક્રોડી સાગર + ૮૫ લાખ પૂર્વમાં ૬૨૯૯૨ વર્ષ ને ૭ મહિના ઉણા હોય છે.**

૩. પાંચમા આરાના ૪ થી ૭ લક્ષણો લખો.

**જ. ૪) પ્રધાનો લાલચુ થશે. ૫) રાજાઓ યમદંડ સરખા થશે. ૬) સારા કુળની સ્ત્રી તે લજ્જારહિત થશે. ૭) સારા કુળની સ્ત્રી તે વેશ્યા સરખી થશે.**

૪. અવસર્પિણી કાળના ચોથા આરાની અવગાહના, ધરતીની સરસાઈ, સંઘયણ, આયુષ્ય લખો.

**જ. અવગાહના બેસતા આરે ૫૦૦ ધનુષની ઉતરતા ૭ હાથ, આયુષ્ય બેસતા આરે ક્રોડપૂર્વનું ઉતરતા સો વર્ષ ઝાઝેરું, ધરતીની સરસાઈ બેસતા આરે સારી, ઉતરતા આરે ઓછી, સંઘયણ છ.**

૫. ઋષભદેવ ભગવાને કેટલા વર્ષનો સંયમ પાળ્યો? કેટલા સાધુઓ સાથે ક્યાંથી મોક્ષે ગયા?

**જ. ઋષભદેવ ભગવાને છદ્મસ્થપણું અને કેવળપણું મળીને એક લાખ પૂર્વનો સંયમ પાળ્યો? તેઓ અષ્ટાપદ પર્વત પર ચૌવિહારા છ દિવસના ઉપવાસ સાથે, પદ્માસને બેસીને ૧૦૦૦૦ સાધુઓ સાથે મોક્ષે ગયા.**

૬. ઉત્સર્પિણીના ત્રીજા આરામાં તીર્થંકર ક્યારે થશે? તે કોણ હશે? તેમનું આયુષ્ય કેટલું? બીજું કોણ થશે?

**જ. ૩ વર્ષ ૮ ॥ મહિના વીત્યા બાદ પ્રથમ નરકેથી શ્રેણિક મહારાજનો જીવ પહેલા તીર્થંકર પદ્મનાભ સ્વામીરૂપે જન્મ લેશે. તેમનું આયુષ્ય ૭૨ વર્ષનું હશે. તે આરામાં બીજા ૨૨ તીર્થંકરો, ૧૧ ચક્રવર્તી, ૯ વાસુદેવ, ૯ બળદેવ થશે.**

**(૨) ખાલી જગ્યા પૂરો. (૫)**

| | **જવાબ** |
|---|---|
| ૧. અવસર્પિણીના છટ્ઠા આરાની ગતિ પ્રાયઃ ...... અને ...... હશે. | **નરક, તિર્યંચ** |
| ૨. ૧૪ મા કુલકર ...... અને ૧૫ મા કુલકર ...... થયા. | **નાભિરાજા, ઋષભદેવ** |
| ૩. ચોથા આરામાં ....... મોક્ષે પધાર્યા પછી ....... વર્ષ કેવળજ્ઞાન રહ્યું. | **મહાવીર દેવ, ૬૪** |
| ૪. અવસર્પિણીના પાંચમા આરાના છેડે ....... સૂત્રના ....... અધ્યયન રહેશે. | **દશવૈકાલિક, પ્રથમ ચાર** |
| ૫. ...... માં ચોથા આરા જેવા ભાવ ...... વર્તે છે. | **મહાવિદેહક્ષેત્ર, સદાકાળ** |

**(આ) કર્મપ્રકૃતિના આધારે લખો. (૨૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૨૧)**

૧. મોહનીય કર્મના બંધના કારણ લખી, ચારિત્ર મોહનીયની પ્રકૃતિ કેટલી? તે લખી નો કષાય ચારિત્ર મોહનીયની પ્રકૃતિના માત્ર નામ લખો. (૬)

**જ. મોહનીય કર્મ બાંધવાના છ કારણ ૧) તીવ્ર ક્રોધ ૨) તીવ્ર માન ૩) તીવ્ર માયા ૪) તીવ્ર લોભ ૫) તીવ્ર દર્શન મોહનીય ૬) તીવ્ર ચારિત્ર મોહનીય**

**ચારિત્ર મોહનીયની બે પ્રકૃતિ. ૧) કષાય ચારિત્ર મોહનીય ૨) નો કષાય ચારિત્ર મોહનીય**

**નો કષાય ચારિત્ર મોહનીયની ૯ પ્રકૃતિ ૧) હાસ્ય ૨) રતિ ૩) અરતિ ૪) ભય ૫) શોક ૬) દુગંછા ૭) સ્ત્રી**

**વેદ ૮) પુરુષ વેદ ૯) નપુંસક વેદ.**

**૨. વ્યાખ્યા લખો.** **(૫)**

**જ.** સાધારણ નામ – **એક શરીરમાં અનંત જીવો સાથે રહે તેવું શરીર મળે. સ્વતંત્ર શરીર ન મળે.**

વિપાકોદય – **જે કર્મનું ફળ શુભ કે અશુભરૂપે જીવને અનુભવવામાં આવે.**

ચક્ષુ દર્શનાવરણીય – **આંખ દ્વારા થતો વસ્તુનો સામાન્ય બોધ. તેના પર આવરણ.**

પરટિપ્પણયાએ – **કોઈ એક પ્રાણી, ભૂત, જીવ, સત્વ (છકાય એક જીવ) ને ટપક ટપક આંસું પડાવે.**

અંગોપાંગ – **જે કર્મના ઉદયથી જીવને શરીરના અંગો હાથ, પગ, મસ્તક વગેરે તથા ઉપાંગો આંગળી, નખ વગેરે મળે.**

૩. જૈનદર્શનમાં કર્મને સમજાવનારી ક્યા સૂત્રમાં કઈ વાત છે? **(૨×૫)**

**જ. ઉત્તરાધ્યયન સૂત્રમાં કર્મને સમજાવનારી ત્રણ વાત બતાવી છે – ૧) જીવના પોતાના જ રાગ અને દ્વેષના પરિણામથી કર્મ બંધાય છે ૨) કર્મ કર્તાને અનુસારે છે ૩) કરેલા કર્મ ભોગવ્યા વિના જીવનો મોક્ષ થતો નથી.**

૪. દેવ આયુષ્ય બંધના કારણો અને ગોત્ર કર્મની સ્થિતિ અને અબાધાકાળ લખો.

**જ. દેવ આયુષ્ય બંધના ચાર કારણો – સરાગ સંયમ (સાધુપણું) પાળે, સંયમાસંયમ (શ્રાવકપણું) પાળે, બાલ (અજ્ઞાન) તપ કરે, અકામ નિર્જરા કરે. ગોત્રકર્મની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ ગોત્ર કર્મનો અબાધાકાળ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ૨૦૦૦ વર્ષ.**

૫. પ્રત્યેક પ્રકૃતિ કેટલી? તેના માત્ર નામ લખો. ક્યા કર્મમાં આવે છે? તે કર્મ કેટલામું? શા માટે?

**જ. આઠ. અગુરુલઘુ નામ, ઉપઘાત નામ, પરાઘાત નામ, ઉચ્છ્વાસ નામ, ઉદ્યોત નામ, આતાપ નામ, તીર્થંકર નામ, નિર્માણ નામ. નામ કર્મ છટ્ઠું છે કારણ કે આયુષ્યના કારણે જીવને ગતિ, જાતિ આદિની પ્રાપ્તિ થાય છે માટે છટ્ઠું નામ કર્મ છે.**

૬. શાતા વેદનીય કર્મ કેટલા પ્રકારે બાંધે? માત્ર સંખ્યા લખો. અંતરાય કર્મ ભોગવવાના માત્ર નામ લખો.

**જ. શાતા વેદનીય કર્મ ૧૦ પ્રકારે બાંધે. અંતરાય કર્મ ૫ પ્રકારે ભોગવે – દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય.**

૭. જ્ઞાનાવરણીય કર્મ દશ પ્રકારે ભોગવે તે દશ પ્રકારના માત્ર નામ લખો.

**જ. શ્રોત આવરણ, શ્રોત વિજ્ઞાન આવરણ, ચક્ષુ આવરણ, ચક્ષુવિજ્ઞાન આવરણ, ઘ્રાણ આવરણ, ઘ્રાણવિજ્ઞાન આવરણ, રસ આવરણ, રસવિજ્ઞાન આવરણ, સ્પર્શ આવરણ, સ્પર્શવિજ્ઞાન આવરણ.**

**(૨) ક્યા કર્મની કઈ પ્રકૃતિ છે?** **(૪)**

| | **કર્મ** | **પ્રકૃતિ** |
|---|---|---|
| ૧. મનને ન ગમતા રસ મળે | **અશાતા વેદનીય** | **અમનોજ્ઞ રસ** |
| ૨. અગુરુલઘુ ગુણ | **ગોત્રકર્મ** | **–** |
| ૩. બેઠા બેઠા ઊંઘે | **દર્શનાવરણીય** | **પ્રચલા** |
| ૪. મંદ સ્વર | **અશુભ નામ** | **હીણ સ્વર** |

**(ઇ) સાધુ–સાધ્વીને ગોચરી વહોરાવવાને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. ગોચરીના સમયે શું શું કરવું જોઈએ? **(૨×૨)**

**જ. ગોચરીના સમયે ઘરના દરવાજા ખુલ્લા રાખવા. પોતે સૂઝતા રહેવું. તે સમય દરમિયાન છકાય જીવોની હિંસાના કાર્ય કરવા નહિ. આંગણું, ફળિયું કે રૂમ ધોવા નહિ.**

**૨. સાધુ–સાધ્વીને વહોરાવાય કે નહિ?** નૈવેદ્યની વસ્તુ, ફણસીનું કચુંબર, કાપડ, બદામ

**જ.** નૈવેદ્યની વસ્તુ – **ના** ફણસીનું કચુંબર – **ના**

કાપડ – **હા** બદામ – **ના**

૩. ક્રીતકૃત એટલે શું? **(૧)**

**જ. સાધુના નિમિત્તે વેચાતું લીધેલું હોય.**

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે ....**

**(૧) નીચેના પ્રશ્નોના બે થી ત્રણ લીટીમાં જવાબ લખો.** **(૬)**

૧. રાજ્ય વ્યવસ્થા સાચવવા રાજા ઋષભે કોની નિમણૂંક કરી? પ્રભુએ પ્રથમ શિલ્પ કયું શીખવ્યું? કેવી રીતે?

**જ. રાજ્ય વ્યવસ્થા સાચવવા રાજા ઋષભે મંત્રી, સૈનિક, અશ્વદળ, પાયદળ, હાથીદળ, રથસેનાની નિમણૂંક કરી. પ્રભુએ પ્રથમ શિલ્પ કુંભારનું શીખવ્યું. ભરતને વસ્ત્ર, નિર્માણકળા, કેશકળા, ચિત્રકળા આદિ ૭૨ કળા શીખવી. બ્રાહ્મીને જમણા હાથે ૧૮ પ્રકારની લિપિ અને સુંદરીને ડાબા હાથથી ગણિત, તોલ, માપ શીખવ્યું.**

૨. શ્રાવકધર્મ ધારણ કર્યા પછી કામદેવ કેવી રીતે જીવન પસાર કરતા હતા?

**જ. કામદેવ શ્રાવકે ૧૨ વ્રત ભગવાન મહાવીર પાસેથી ધારણ કર્યા. ત્યારપછી કામદેવ શ્રાવક બની નવ તત્ત્વોના જ્ઞાતા બની ગયા. શ્રાવક સાધુ ભગવંતોને ૧૪ પ્રકારે નિર્દોષ દાન આપી ધર્મમય જીવન પસાર કરવા લાગ્યા.**

૩. દ્રહ કેવું હતું? તેમાં કોણ રહેતું હતું?

**જ. દ્રહ શીતળ જળથી પરિપૂર્ણ, અનેક પ્રકારના કમળોથી શોભતું હતું. જે જળાશયની અંદર મત્સ્ય, મગર, કાચબા, ગ્રાહ વગેરે અનેક જળચર પ્રાણીઓના જીવન સુખપૂર્વક વિતાવતા હતા. આ રીતે તે દ્રહ દર્શનીય, અભિરૂપ એટલે કે અત્યંત સુંદર, આનંદપ્રદ અને સૌના આકર્ષણનું કેન્દ્ર હતું.**

**(૨) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૪)**

| | **જવાબ** |
|---|---|
| ૧. બંને શિયાળયા ચાલ્યા ગયા છે. | **બીજા કાચબાએ મનમાં વિચાર્યું** |
| ૨. નિર્ગ્રંથ પ્રવચનના જાણકાર છો. | **ભગવાન મહાવીર સાધુ–સાધ્વીજીને કહે છે** |
| ૩. ધર્મતીર્થનો ફેલાવો કરીને પરમ સુખનો માર્ગ ખોલો. | **દેવોના સ્વામી ઋષભદેવને કહે છે** |
| ૪. તારા જીવનની અંતિમ ક્ષણ આવી ગઈ છે. | **પિશાચ બનેલા દેવ કામદેવ શ્રાવકને કહે છે** |

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | **જવાબ** |
|---|---|
| ૧. કેવલી ........ ખોડ. | **પાના નં. ૬૪ કડી ૫/૬** |
| ૨. વળી રાય ......... ઘણાને સાજ. | **પાના નં. ૬૬ કડી ૩૫/૩૬** |
| ૩. ધર્મઘોષ ......... ભવ પાર. | **પાના નં. ૬૮ કડી ૫૧/૫૨** |
| ૪. જાદવકુળ ......... વાણ. | **પાના નં. ૬૯ કડી ૭૩/૭૪** |
| ૫. ચારિત્ર ......... ચોડ. | **પાના નં. ૬૫ કડી ૧૮/૧૯** |

**જય – જિનેન્દ્ર**